## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




હું આઈ.ટી. ભણેલો છું... તું અહીં ધંધો કરીશ તો મારી જેમ ભુખે મરીશ... તને ફેઇસબુક પર પ્રોફાઈલ બનાવી દઉં... અને આવક થાય એમાંથી અડધા આપવા મંજુર છે...?

# આજે જિલ્લામાં બે પેટા-ચૂંટણીનો જંગ

**ભાજપ-કોંગ્રેસ વચ્ચે ૬ માસના ટૂંકાગાળામાં જ બીજીવાર બે બેઠકો પર સીધો જંગ ખેલાશે : પાનસર બેઠક માટે ૨૪ હજાર મતદાર, ૬ મતદાન મથકો સંવેદનશીલ**

ગાંધીનગર, તા. ૯

આજે ગાંધીનગર જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની બે બેઠકોની યોજાનારી ચૂંટણીને લઈ તંત્રએ સંપૂર્ણ તૈયારી કરી દીધી છે. જિલ્લા પંચાયતની પાનસર બેઠક અને દહેગામ નગરપાલિકાના વોર્ડ નં. ૩ની એક બેઠકની આજે પેટાચૂંટણી છે.

કલોલ તાલુકાની પાનસર બેઠક માટે ૨૪ મતદાન મથકો નિયત કરવામાં આવ્યા છે. ૨૪ હજારથી વધુ મતદારો આ બેઠકની ચૂંટણીમાં મતદાન કરશે. આ ૨૪ મતદાન મથકો પૈકી છ મતદાન મથકો સંવેદનશીલ હોઈ તંત્રએ ત્યાં ચાંપતો પોલીસ બંદોબસ્ત રાખ્યો છે. આ બેઠક પર નારદીપુર ગામના જ બન્ને ઉમેદવારો હોવા ઉપરાંત બન્ને ઉમેદવારોના પરિવારો પંચાયતીરાજની સંસ્થાઓ સાથે સક્રિયતાથી સંકળાયેલા હોઈ ભારે રાજકીય ઉત્તેજના સમગ્ર તાલુકામાં જોવા મળી રહી છે.

આ બેઠક પર સ્ત્રી અને પુરૂષ મતદારો વચ્ચે માત્ર ૫૦૦નો જ તફાવત છે. આ બેઠક મહિલા માટે અનામત હોવાથી મહિલા મતદારોમાં પણ ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

આ બેઠક પર કોંગ્રેસના વિજેતા ઉમેદવારને ત્રણ કરતાં વધુ સંતાન હોવાને કારણે સભ્યપદ માટે ગેરલાયક જાહેર કરાતાં આ પેટા ચૂંટણી યોજાઈ રહી છે જે ઉલ્લેખનીય છે.

દહેગામ નગરપાલિકાના વોર્ડ નં. ૩માં કાઉન્સીલરના અવસાનથી ખાલી પડેલી બેઠક પર યોજાઈ રહેલી પેટા ચૂંટણી માટે ૮ મતદાન મથકો નિયત કરવામાં આવ્યા છે.

આ બન્ને પેટા ચૂંટણીઓ ૬ માસના ટૂંકાગાળામાં જ આવી પડી હોવાથી રાજકીય વર્તુળોમાં પણ તેની ભારે ઉત્તેજના જોવા મળી રહી છે. આ બન્ને બેઠકોની પેટા ચૂંટણીના પરિણામોની કોઈ રાજકીય અસરો બદલાઈ છે કે નહિ તે જાણી શકાશે તેમ રાજકીય નિરીક્ષકો માની રહ્યા છે.

બન્ને બેઠકો પર ભાજપ-કોંગ્રેસ વચ્ચે સીધો જંગ છે. બન્ને પક્ષો દ્વારા વિજયના દાવા કરવામાં આવ્યા છે.

## ૧૨મીએ કોંગ્રેસ પ્રદેશ કારોબારી બેઠક મળશે

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ ભરતસિંહ સોલંકીના અધ્યક્ષસ્થાને કોંગ્રેસ પક્ષની વિસ્તૃત કારોબારી બેઠક તા. ૧૨મી જુલાઈ મંગળવારે સિંધુ ભવન, પકવાન રોસ્ટોરન્ટની સામે, એસજી હાઈવે, અમદાવાદ ખાતે યોજાશે. આ વિસ્તૃત કારોબારી બેઠકમાં એઆઈસીસીના મહામંત્રી અને ગુજરાતના પ્રભારી ગુરુદાસ કામત, વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા શંકરસિંહ વાઘેલા સહિતના આગેવાનો ઉપસ્થિત રહી માર્ગદર્શન આપશે. અમદાવાદ ખાતે યોજાનાર વિસ્તૃત કારોબારી બેઠકમાં પ્રદેશ કારોબારી સભ્ય ધારાસભ્ય, પ્રદેશ હોદ્દેદાર, શહેર જિલ્લા પ્રમુખ જિલ્લા નીરીક્ષક, નગરપાલિકાના નિરીક્ષક, ફ્રન્ટલ ઓર્ગેનાઈઝેશન તેમજ સેલ ડિપાર્ટમેન્ટના વડાઓ, મહાનગરપાલિકાના નેતાઓ તેમજ જિલ્લા પંચાયતના પ્રમુખ ઉપપ્રમુખ તથા કારાબોરી ચેરમેન સહિત વિશેષ આમંત્રિત ઉપસ્થિત રહેશે. અખિલ ભારતીય કોંગ્રેસ સમિતિના મહામંત્રી અને ગુજરાતના પ્રભારી ગુરુદાસ કામત તા. ૧૧ અને ૧૨મી જુલાઈ બે દિવસ માટે ગુજરાતના પ્રવાસે આવી રહ્યાં છે. ગુરુદાસ કામતના બે દિવસના પ્રવાસ દરમ્યાન તેઓના ૧૧મી એ સવારે ૧૦-૩૦થી સાંજે ૪-૩૦ કલાક સુધી રાજીવ ગાંધી ભવન ખાતે ગુજરાતમાં કાર્યકરો, આગેવાનો, સ્વૈચ્છિક સંસ્થાઓના પ્રતિનિધીઓ સહિત વિવિધ ક્ષેત્રના નિષ્ણાંતોને મુલાકાત આપશે.






ગાંધીનગરમાં વિવિધ ઉચ્ચ શિક્ષણના અભ્યાસક્રમો ચલાવતી સંસ્થા 'સ્ટોર્મ'નો ૧૫મો વાર્ષિકોત્સવ ટાઉનહોલ ખાતે રંગારંગ કાર્યક્રમના આયોજન દ્વારા ઉજવાયો હતો. આ કાર્યક્રમમાં શહેરની પ્રતિષ્ઠિત અગ્રણીઓએ હાજરી આપી હતી. વિવિધ સાંસ્કૃતિક કૃતિઓ સાથે યોજાયેલા આ કાર્યક્રમમાં ઉચ્ચ પોલીસ અધિકારી આર.બી. બ્રહ્મભટ્ટનું સંસ્થા દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું.

## ખૂણે ખાંચરેથી...

● ગાંધીનગર જિલ્લા પંચાયતની બાંધકામ સમિતિની બેઠક મળી ગઈ.

● ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા અર્ક વ્યાખ્યાન માળામાં 'મા-પાપ છો ભુલશો નહિ' વિષય પર શ્રી દીપક તરૈયાનું વ્યાખ્યાન ટાઉનહોલ ખાતે યોજાયેલું છે.

● ગાંધીનગરમાં ચાતુર્માસ નિમિત્તે પ.પૂ. નરરત્નસૂરીશ્વરજી મહારાજ સાહેબ આવી રહ્યા હોવાથી આજે તેમનું ભવ્ય સામૈયું કરાશે.

● ગાંધીનગર શહેરમાં સમાવિષ્ટ આદિવાડા ગામની પ્રાથમિક શાળામાં ગુણવત્તા સુધારણા અભિયાનમાં 'આપણું ફાઉન્ડેશન' નામની સ્વૈચ્છીક સંસ્થા જોડાવાની છે. આજે સંસ્થાના પ્રતિનિધિએ આદિવાડાની મુલાકાત લીધી હતી.

● ગાંધીનગર શહેરમાં આજે આખો દિવસ વાદળછાયુ વાતાવરણ રહેવા પામ્યું હતું.

● ગુજરાત વિદ્યાપીઠ દ્વારા ખાસ પદવીદાન સમારોહ યોજવાની જાહેરાત કરાઈ છે.

● આજે અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદનો સ્થાપના દિવસ છે.

● શહેર ભાજપના પૂર્વ પ્રમુખ રૂચિર ભટ્ટનો જન્મદિવસ હતો અને તે તેમણે સાદાઈથી ઉજવ્યો છે.

● મનપાની આરોગ્ય તંત્રની ટીમે ગઈકાલે શહેરનાં સેક્ટર-૧૫, ૧૬ના શૈક્ષણિક સંકુલો નજીકના પાનના ગલ્લોમાં હલકી ગુણવત્તાનું પ્લાસ્ટીક પકડી રૂ. ૨૯૦૦નો દંડ વસુલ્યો હતો.

## ભરતી કૌભાંડમાં ભાજપનું મૌન શંકા ઉપજાવે છે : સૂર્યસિંહ

ગાંધીનગર, તા. ૯

ગુજરાતની નિષ્ફળ ભાજપ સરકાર દ્વારા ૫૦૦૦૦ કર્મચારીઓની ભરતી કૌભાંડને ખુદ ભાજપના આગેવાન અને કૌભાંડી એવા ચંપાવત દ્વારા આક્ષેપો કરાયો



હોવા છતા મુખ્યમંત્રી અને શિક્ષણમંત્રીના પેટનું પાણી પણ હલતું નથી, ઉપરાંત નાની-નાની બાબતોમાં ભાજપ અને સરકારના પ્રવક્તાઓ છાશવારે પ્રેસ-મીડિયા સામે આવી જતા હોય છે. પરંતુ કૌભાંડી ચંપાવતના ખુલ્લે આમ પુરાવા સાથે કરેલા આક્ષેપોને એક અઠવાડિયું થયું હોવા છતાં આ મામલે સરકારે અને ભાજપે ધારણ કરેલું મૌન ખુંચે તેવું છે અને તેમની કહેવાતી નિષ્ઠા ઉપર શંકા ઉપજાવે છે. જેના પરિણામે આ આધળી અને બેરી ગુજરાતની ભાજપ સરકાર સામે બેરોજગાર યુવાનોમાં આક્રોશ પેદા થયો છે, જેથી યુવાનોના આ આક્રોશને વાચા આપવા બાબતે અને આ કથિત ભ્રષ્ટાચારને ઉજાગર કરવા ગાંધીનગર તાલુકા કોંગ્રેસ દ્વારા તાઃ ૯/૭/૨૦૧૬ ના રોજ દેહગામ તાલુકાના રખિયાલ ગામે સવારે ૧૦ કલાકે જીલ્લા કોંગ્રસ પ્રમુખ શ્રી સૂર્યસિંહ ડાભી, ધારાસભ્ય શ્રીમતિ કમીનીબા રાઠોડ, તાલુકા કોંગ્રેસ પ્રમુખ બાબુસિંહ ઝાલા, તા.પ. પ્રમુખ આશાબા ઝાલા, જગતસિંહ ઝાલા સહીત દેહગામ તાલુકાના આગેવાનો-કાર્યકરો ઉપાસ્થિત રહી ધરણા યોજયા હતા.

ગાંધીનગર તાલુકા કોંગ્રસ દ્વારા સત્યાગ્રહ છાવણી સે-૬ ખાતે ૧૧ કલાકે ધરણા યોજેલ હતા જે પ્રસંગે કોંગ્રસ આગેવાનો સર્વ શ્રી નિશિત વ્યાસ, સૂર્યસિંહ ડાભી, ડો. હિમાંશુ પટેલ, બાબુજી ઠાકોર, ચીમન વિંઝુડા , જુગાજી ઠાકોર, વિષ્ણુભાઈ , કાળુસિંહ, ભાવીનાસિંહ , બેચરજી, ગણપતસિંહ, ઈન્દુબેન, કોદરજી, કુબેરસિંહ, જે.ડી. ચારેલ સહીત અનેક આગેવાનો જોડાયા હતા. આ ઉપરાંત માણસાતાલુકા કોંગ્રેસના ઉપક્રમે માણસા કોંગ્રેસ કાર્યાલય ખાતે બપોરે ૧ કલાકે ધરણા યોજાયા હતા, જેમાં જિ. કો. પ્રમુખ સૂર્યસિંહ ડાભી , ધારાસભ્યશ્રી અમિતભાઈ ચૌધરી, પ્રદેશ મંત્રી બાબુસિંહ ઠાકોર, તા.કો. પ્રમુખ પૃથ્વીસિંહ ઝાલા , શહેર પ્રમુખ જયંતીભાઈ પટેલ, પીયુશભાઈ ઠાકોર, પ્રકાશભાઈ ચૌધરી, કાળુસિંહ રાઠોડ, ભાવીનસિંહ ઠાકોર, નાથાજી મકવાણા, અમૃતભાઈ પટેલ, સજ્જનસિંહ ચાવડા, એસ.વી. ચૌધરી, કીર્તિબેન પટેલ, કેતનભાઈ પટેલ, નીરૂબા ચાવડા, સોનલબા ચાવડા, સુમિત્રાબેન પ્રજાપતિ, અશોકભાઈ પટેલ, જીતેદ્રસિંહ ડાભી સહીત અનેક વિધ આગેવાનો- કાર્યકરો મોટી સંખ્યામાં ધારણામાં ભાગ લીધો હતો તેવું ગાંધીનગર જીલ્લા કોંગ્રસની અખબારી યાદીમાં જણાવ્યું છે.

## ધારાસભ્યો સાંસદસભ્યોના પડતર સંદર્ભોનો ઝડપથી નિકાલ કરવા વિભાગોને તાકીદ

ગાંધીનગર, તા. ૯

રાજ્ય સરકારની વારંવારની સૂચનાઓ છતાં પણ સરકારના કેટલાક વિભાગોમાં ધારાસભ્યો અને સંસદસભ્યોના સંદર્ભો બે માસ કરતાં વધુ સમયથી પડતર છે. આવા પડતર સંદર્ભોનો ઝડપથી નિકાલ કરવા સંબંધિત વિભાગોને કડક તાકીદ કરવામાં આવી છે.

સામાન્ય વહીવટ વિભાગ સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ ધારાસભ્યો અને સંસદસભ્યો એ પ્રજાના ચૂંટાયેલા પ્રતિનિધિઓ છે. આથી ધારાસભ્યો અને સંસદસભ્યોને તેમના વિસ્તારના મતદારો તરફથી સ્થાનિક પ્રશ્નોને લગતી રજૂઆતો મળતી હોય છે.

આ પ્રશ્નો અંગે ધારાસભ્યો અને સંસદસભ્યો જે તે પ્રશ્નોના ઉકેલ માટે જે તે સંબંધિત વિભાગોને સંદર્ભો લખતા હોય છે. ધારાસભ્યો અને સંસદસભ્યોના સંદર્ભોને અગ્રતા આપીને સમયમર્યાદામાં નિકાલ કરવા માટે રાજ્ય સરકારે સમયમર્યાદા નિયત કરી છે. આમ છતાં આવા સંદર્ભોનો સમય મર્યાદામાં વિભાગ દ્વારા નિકાલ થતો નથી અને લાંબા સમયથી પડતર રહે છે.

ધારાસભ્યો અને સંસદસભ્યોના પડતર સંદર્ભો અંગે રાજ્ય સરકાર કક્ષાએ સમયાંતરે સમીક્ષા બેઠક યોજવામાં આવતી હોય છે. આવી જ એક સમીક્ષા બેઠક તાજેતરમાં મળી હતી જેમાં સામાન્ય વહીવટ વિભાગ દ્વારા એક પ્રેઝન્ટેશન રજુ કરવામાં આવ્યું હતું. જેમાં ધારાસભ્યોના ૮૫ અને સંસદસભ્યોના ૨૯ સંદર્ભો પડતર હોવાની વિગતો રજુ કરવામાં આવી હતી.

આ ઉપરાંત આ બેઠકમાં બે માસ સુધીના આવા પડતર સંદર્ભો તથા બે થી ૬ માસ સુધીના પડતર સંદર્ભોની વિગતો પણ રજુ કરવામાં આવી હતી. એટલું જ નહી ૨ થી ૬ માસ સુધીના આવા પડતર પ્રશ્નોની વિભાગવાર માહિતીઓ પણ રજુ કરવામાં આવી હતી.

આ બાબત અંગે રાજ્ય સરકારે ગંભીર નોંધ લઈને સંબંધિત તમામ વિભાગોને આવા પડતર સંદર્ભોનો ઝડપથી નિકાલ કરવા માટેની કડક તાકીદ કરવામાં આવી છે.




આ વર્ષે ઉનાળામાં તાપમાનના સર્વોચ્ચ આંકે ગાંધીનગરમાં અનેકની આંખો ખોલી નાંખી છે. સતત વૃક્ષોના નિકંદનના પગલે પર્યાવરણીય ફેરફારો અસહ્ય બનતા જાય છે. આ બાબતે દરેક નાગરિકે સત્વરે જાગૃત થઈ વ્યક્તિગત ધોરણે પગલા લેવાની પણ આવશ્યકતા છે. ગાંધીનગરની મધુર ડેરી દ્વારા ડભોડા પાસેના નવાપુરા, ગોળવંશ અને ગીયોડ વગેરે ગ્રામ્ય વિસ્તારોની પ્રાથમિક શાળાઓમાં વૃક્ષારોપણ કાર્યક્રમ યોજી ગ્રામજનોને વૃક્ષો વાવવા અને તેનુ જતન કરવાની અગત્યતા બાબતે પ્રેરણારૂપ ઉદાહરણ પ્રસ્તુત કર્યુ છે.

## આજે ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહની પૂરક પરીક્ષા થશે

અમદાવાદ, તા.૯

આગામી જુલાઈ-૨૦૧૬માં ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા લેવાનાર ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહની પૂરક પરીક્ષા કામેશ્વર વિદ્યામંદિર જોધપુર ચાર રસ્તા, સેટેલાઈટ, અમદાવાદ ખાતે તા. ૧૦-૦૭ ૨૦૧૬ના રોજ સમય ૧૫-૦૦ થી ૧૬-૩૦ દરમિયાન લેવાનાર છે. તેમ જિલ્લા શિક્ષણાધિકારી ગ્રામ્ય વિસ્તાર, અમદાવાદે જણાવાયું છે.

## ઈસનપુર જૈન દેરાસરથી પ્રાચીન મૂર્તિઓની ચોરી

અમદાવાદ, તા.૯

અમદાવાદના ઈસનપુર વિસ્તારમાં ગોવિંદવાડી પાસે આવેલા જૈન દેરાસરમાં ગત મોડી રાત્રે તસ્કરોએ પંચધાતુની ૬ પ્રાચીન મૂર્તિઓની ચોરી કરી હતી. આ ઘટના બનતા સમગ્ર વિસ્તારમાં ચકચારી મચી જવા પામી હતી. આ અંગે ઈસનપુર પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. સુત્રો મુજબ, શહેરના ઈસનપુર વિસ્તારમાં ગોવિંદવાડી ચાર રસ્તા પાસેના લોટસ સ્કુલની બાજુમાં જૈન દેરાસર આવેલું છે. જ્યાં ગત મોડી રાત્રે તસ્કરો દેરાસરની બારીમાં લગાવેલ સળિયા તોડી ત્રાટક્યા હતા. જ્યાં તસ્કરોએ પંચધાતુની ૬ પ્રાચીન મૂર્તિ તેમજ રોકડ નાણા મળી રૂ. ૧,૮૦૦૦ના મત્તાની ચોરી કરી ફરાર થઈ ગયા હતા. આજે વહેલી સવારે દેરાસરના ટ્રસ્ટીઓ પૂજારીઓ પુજા અર્ચના કરવા માટે આવ્યા હતા. ત્યારે દેરાસરની પ્રાચીન મુર્તિઓ ગાયબ હતા. આ ઘટનાની જાણ ઈસનપુર પોલીસને કરતાં તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી આવ્યા હતા અને તપાસ શરૂ કરી હતી. પોલીસે ડોગ સ્કર્વાડ અને એફએસએલની મદદ લીધી હતી.

## કેન્દ્રીય નાણાપ્રધાન અરુણ જેટલી અમદાવાદ પહોંચ્યા

**જીએમડીસી ખાતે આયોજિત કાર્યક્રમમાં મુખ્યમંત્રી સહિત અન્ય મંત્રી પણ હાજર રહેશે : જેટલી વડોદરા પણ જશે**

અમદાવાદ,તા. ૯

કેન્દ્રીય નાણા મંત્રી અરુણ જેટલી આવતીકાલે શહેરના જીએમડીસી ખાતે આવેલા ગુજરાત યુનિવર્સિટી ઓડિટોરિયમમાં આયોજિત કરવામાં આવેલા ઈન્કમટેક્સ ડિક્લેરેશન સ્કીમ ૨૦૧૬ના ખાસ આયોજિત માર્ગદર્શન સેમિનારમાં ઉપસ્થિતોને ઉદ્બોધિત કરી માર્ગદર્શન પુરુ પાડશે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો મુજબ શહેરમાં યોજાનારા આવતીકાલના કાર્યક્રમ માટે આજે રાત્રે કેન્દ્રીય નાણામંત્રી અરુણ જેટલી અમદાવાદમાં આવી પહોંચશે. રાત્રે અમદાવાદમાં આવ્યા બાદ આવતીકાલે તેઓ ગુજરાત યુનિવર્સિટી ઓડિટોરિયમ ખાતે ઈન્કમટેક્સ ડિક્લેરેશન સ્કીમ ૨૦૧૬ અંતર્ગત ઉપસ્થિતોને યોજના અંગે માર્ગદર્શન આપશે. આ સમયે રાજ્યના મુખ્યમંત્રી આનંદીબેન પટેલ, રાજ્યમંત્રીમંડળના અન્ય મંત્રીઓ, પ્રદેશ ભાજપના હોદ્દેદારો પણ આમંત્રિતોની સાથે હાજર રહેશે. નાણામંત્રી આવતીકાલે શહેરમાં આયોજિત આ કાર્યક્રમ બાદ વડોદરા જવા રવાના થશે. અને વડોદરાથી સાંજે ૫.૩૦ના સુમારે તેઓ રાજધાની દિલ્હી ખાતે પરત ફરશે.

## હિટ એન્ડ રનમાં પેડલ રિક્ષા ચાલકનું ટ્રકની અડફેટે મોત

અમદાવાદ, તા.૯

શહેરમાં આજે વહેલી સવારે પેડલ રિક્ષા ચાલકને પુરઝડપે આવેલી ટ્રકે અડફેટમાં લેતા આ ઘટનાને પેડલ રિક્ષા ચાલકનું ઘટનાસ્થલે મોત થવા પામ્યું હતું. જ્યારે અન્ય યુવકને ઈજા પહોંચતા તેને સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. આ ઘટના સરખેજ ગામ પાસે આવેલી ભારતી આશ્રમ પાસે બન્યો હતો. આ ઘટના બનતા સમગ્ર વિસ્તારમાંચકચારી મચી જવા પામી હતી. આ ઘટનામાં પેટલ રીક્ષા ચાલકનું ઘટના સ્થળે જ મોત નિપજ્યું હતું. જ્યારે અન્ય યુવકને ઈજાઓ પહોંચી હતી. ઈજાગ્રસ્ત યુવકને સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. આ ઘટના બાદ ટ્રક ચાલક ટ્રક મૂકી ફરાર થઈ ગયો હતો. આ ઘટનાની જાણ એમ ટ્રાફિક પોલીસને કરતાં તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી આવ્યા હતા.




ગાંધીનગર જિલ્લામાં આવેલ સાબરમતી સમૃદ્ધિ સેવા સંઘ સંસ્થા દ્વારા ઉત્તર ગુજરાતના ૬ જિલ્લાઓમાં મહિલા અને બાળ વિકાસની અનેક પ્રવૃત્તિઓ કરવામાં આવી રહી છે. આ સંસ્થા દ્વારા સલામત માતૃત્વ અને તંદુરસ્ત બાળ નામનો કાર્યક્રમ છેલ્લા ઘણા વર્ષોથી ઉત્તર ગુજરાતના પાટણ અને મહેસાણા જિલ્લાના ૧૩ ગામડાઓમાં ચાલી રહ્યો હતો. આ પ્રોજેકટની ત્રણ વર્ષીય કામગીરી અને પૂર્ણાહૂતિના ભાગરૂપે બહેનો માટે જીવન વિકાસ કેન્દ્ર પેથાપુર ગાંધીનગર ખાતે કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ૧૫૦ બહેનોએ પોતાની કામગીરીના અનુભવોની રજુઆત કરી હતી અને ટ્રસ્ટના પ્રમુખના હસ્તે બહેનોને સર્ટીફીકેટ અને મેડીકલ કીટ આપવામાં આવી હતી.

# અમરનાથની યાત્રાએ ગયેલા ગુજરાતના યાત્રિકો સલામત

અમદાવાદ, તા.૯

ગુજરાત સરકારના રાહત કમિશનર મનિષ ભારદ્વાજે જણાવ્યું છે કે, ગુજરાતમાંથી અમરનાથ યાત્રાએ ગયેલા પંચમહાલ, જુનાગઢ સહિતના વિસ્તારોના તમામ યાત્રાળુઓ સુરક્ષિત અને સલામત છે. જમ્મુ કાશ્મીરમાં પ્રવર્તમાન તંગ સ્થિતિને ધ્યાને લેતા સુરક્ષાદળોએ આ યાત્રાળુઓને જમ્મુ કાશ્મીરમાં સલામત રાખ્યા છે. તેમ ભારદ્વાજે આજે જમ્મુ કાશ્મીરના સુરક્ષા વહીવટી તંત્ર વાહકો સાથે વાતચીત કર્યા બાદ માહિતી આપતા જણાવ્યું છે. ગુજરાતના યાત્રાળુઓની બસ અને વાહનો સહિત તમામ સહિત તમામ યાત્રિકોને સુરક્ષાદળોએ સલામત નિવાસ વ્યવસ્થા સાથે રાખેલા છે.

રાહત કમિશનરએ ટેલિફોનિક સંપર્ક કરીને ગુજરાતના યાત્રિકોની વિગતો મેળવી હતી. દરમિયાન રાજુલાના ધારાસભ્ય હીરાભાઈ સોલંકી પણ અન્ય યાત્રિળુઓ કાર્યકર્તાઓ સાથે જમ્મુ શ્રીનગરમાં છે. તેમણે મુખ્યમંત્રીને ટેલિફોન દ્વારા ગુજરાતના યાત્રિકોની સલામતીની વિગતોથી વાકેફ કર્યા છે. ગુજરાતના સરકારના રાહત કમિશનર જમ્મુ કશ્મીરના તંત્ર વાહકોના સતત સંપર્કમાં રહીને ટેલિફોન દ્વારા યાત્રાળુઓની સલામતી સુરક્ષાની વિગતો મેળવી રહ્યા છે.